# સજાપુર-ટીટીસર ગામે ૩ કલાકમાં ૭ ઈંચ વરસાદ




મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લામાં ભાદરવાની પૂર્વ સંધ્યાએ મોડાસા તાલુકામાં ભારે વરસાદને પગલે સર્વત્ર જળબંબાકાર થતા અને કેટલાક વિસ્તારોમાં અતિભારે વરસાદે કેટલાયે ગામોને જોડતા માર્ગ બંધ થયા છે. કોઝવે ઉપર થઈ પાણી વહેતા ગામોનો સંપર્ક કપાયા પછી બીજે દિવસે પૂર્વવત થયો હતો. દરમિયાન મોડાસાના સરડોઈ-લાલપુર-દઘાલીયા પંથકમાં અતિ ભારે વરસાદે ડુંગરના પાણી ગામોમાં વહેતા નદી જેવા દશ્યો સર્જાયાં હતા. સરપંચ જેસિંગભાઈ પટેલે જણાવ્યું કે સરડોઈ પંથકમાં સરડોઈ ઉપરાંત સજાપુર-ટીટીસરમાં ૩ કલાકમાં ૭ ઈંચ વરસાદ ખાબકતા ખેતી પાકને ભારે નુકસાન થયું છે અને જમીનોમાં કોતરો સર્જાયાં છે. ખેતરોના માટીના પાળા પણ તૂટી ગયા છે. એક સાથે ભારે વરસાદે સજાપુર-ટીટીસરની સાવ રેતાળ જમીનોમાં કોતરો પડી ગયા છે. વાવેતર પણ તણાયા છે. ઉગેલા પાકનો સોથ વળી ગયો છે અગર ખેંચાઈ ગયો છે. આ જમીન એક સાથે એટલો વરસાદ ખમી શકતી ન હોઈ ખેડૂતો પાયમાલ બન્યા છે. ત્યારે જિલ્લા કૃષિ વિભાગના અધિકારીઓએ સર્વે કરીને ખેતી, જમીન અને પાકને થયેલ નુકસાનનો અંદાજ મેળવીને વળતર ચૂંકવવા તેમજ પાક નિષ્ફળ હોઈ પાક વીમો ચૂંકવવા જરુરી કાર્યવાહી કરવા સરપંચ જેસિંગભાઈ પટેલે ઉગ્ર માંગ ઉઠાવી છે. આટલું જ નહીં પણ ગામનો મુખ્ય રોડ પણ ધોવાઈને તૂટી જવા પામ્યો છે. જેનાથી વાહનવ્યવહાર અટકી ગયો છે.

## મેઘરજના વૈડી ડેમમાં નવા નીરની આવક થતા છલોછલ ભરાતા પ્રજાજનો ડેમનો નજારો જોવા ઉમટ્યા

અરવલ્લી જિલ્લામાં બે દિવસમાં ખાબકેલ વરસાદ અને ઉપરવાસમાં થયેલા વરસાદને લઈ જિલ્લાના ડેમોમાં નવા નીરની આવક થઈ છે. ત્યારે મેઘરજ તાલુકામાં રાજસ્થાનની સરહદે આવેલો વૈડી ડેમ પૂર્ણ ભરાઈ ગયો છે. વૈડી ડેમની મુખ્ય સપાટી ૧૯૯.૨૦ મીટર છે ત્યારે વૈડીમાં નવા નીરની આવક થતા ડેમ મુખ્ય સપાટી વટાવીને હાલ ડેમની સપાટી ૧૯૯.૩૦ મીટરે પહોંચી છે, જેના કારણે સિંચાઈ વિભાગે પૂર નિયંત્રણ વિભાગને પત્ર પાઠવી વૈડી ડેમની હાલની સ્થિતિથી વાકેફ કર્યા હતા. ડેમ વિસ્તારના લોકોને પણ સતર્ક રહેવા આહવાન કર્યું છે. વૈડી ડેમમાંથી ઓવરફ્લો થયા પછીનું પાણી સૂરણ નદીમાં અને ત્યાંથી વાત્રક નદીમાં ભળે છે. ડેમ આસપાસના ખેડૂતો પશુપાલકોને ઉનાળામાં પાણીની સમસ્યાનો સામનો કરવો પડતો હતો. જે ડેમ છલકાતા બોર કુવા તળાવો પણ રિચાર્જ થશે અને પાણીની તંગી પણ દૂર થશે જેથી ધરતીપુત્રોમાં પણ ખુશાલી છવાઈ છે.




## મોડાસાના દધાલિયામાં આભ ફાટ્યું, એક કલાકમાં ૨ ઈંચ વરસાદ

મોડાસા, તા. ૧

અરવલ્લી જીલ્લામાં રાજસ્થાનમાં વરસાદી સિસ્ટમ સક્રિય થતાં તેની અસરતળે બે દિવસથી મેઘમહેર થતા ખેડૂતો સહીત પ્રજાજનોમાં આનંદ છવાયો છે. સતત બીજા દિવસે મોડાસા તાલુકાના દધાલિયા અને સરડોઇ પંથકમાં મેઘરાજાએ ધબધબાટી બોલાવતા રસ્તાઓ પર પાણી ફરી વળતા નદીઓ વહેતી હોય તેવી સ્થિતિ પેદા થઈ હતી.

મોડાસાના દધાલિયા પંથકમાં રવિવારે એક કલાકમાં ૨ ઈંચથી વધુ વરસાદ ખાબતા જાણે આભ ફાટ્યું હોય તેવો માહોલ જોવા મળ્યો હતો. દધાલિયા ગામનું તળાવ ઓવરફ્લો થતા નજીકના વિસ્તારોમાં પાણી ફરી વળ્યું હતું. સુનોખ, વાસેરા કંપા અને મેઘરજ, ભિલોડા સહીતના વિસ્તારોમાં પણ મેઘરાજાએ હેત વરસાવતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો. જીલ્લામાં કાળા ડિબાંગ વાદળો અને મેઘગર્જના થતા મેઘરાજાનું કોપાયમાન સ્વરૂપથી લોકોમાં ખુશી સાથે ભય પણ જોવા મળ્યો હતો. દધાલિયા-સરડોઇ પંથકમાં બીજા દિવસે પણ ધોધમાર વરસાદથી કોઝવે પર પાણી ફરી વળતા અનેક ગામો થોડા કલાકો માટે સંપર્ક વિહોણા બન્યા હતા.



## હિંમતનગરની હાથમતી નદીમાં ડૂબી જતા યુવાનનું મોત

સાબરકાંઠા જીલ્લામાં રવિવારે દિવસ દરમિયાન માત્ર બે તાલુકામાં વરસાદ નોધાયો હતો જેમાં ખેડબ્રહ્મા માં ૧૦ મિનીટમાં પોણો ઈંચ અને ઈડરમાં પા ઈંચ વરસાદ નોધાયો હતો તો છેલ્લા ચોવીસ કલાકમાં સૌથી વધુ વડાલીમાં દોઢ ઈંચ,પોશીના,ઈડરમાં એક ઈંચ,વડાલીમાં પોણો ઈંચ અને ખેડબ્રહ્મામાં અડધો ઈંચ વરસાદ નોધાયો હતો.તો દિવસ દરમિયાન જીલ્લાના આઠ તાલુકાના આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદી ઝાપટા પડ્યા હતા.હિમતનગરની હાથમતીમાં ડૂબી જતા યુવાનનું મોત થયું હતું.

હિમતનગરની હાથમતી નદીમાં ઉપરવાસમાં વરસાદ પડતા વહેલી સવારથી નદીમાં પાણી આવ્યું હતું.આખો દિવસ પાણી નદીમાં રહ્યું હતું દરમિયાન બપોરે અઢી વાગ્યાના સુમારે ભોલેશ્વર જતા કોજવે પાસે નદીમાં નાહવા પડેલ યુવાન પાણીમાં તણાઈ જતા ડૂબ્યો હતો જેને અંગે પાલિકાના ફાયર વિભાગને જાણ કરતા ફાયર વિભાગ અને બી ડીવીઝન પોલીસ ઘટના સ્થળે આવી પહોચી હતી ત્યારબાદ ફાયર વિભાગ ધ્વારા નદીમાં યુવાનની શોધખોળ શરુ કરી હતી લગભગ અઢી કલાક બાદ પાણી માંથી પોસ્ટ ઓફીસ પાછળ મોટા મહોલ્લા વાઘેલા વાસમાં રહેતો વિક્કી દેવાભાઈ વાઘેલા ઉવ-૨૭ નો મૃતદેહ મળ્યો હતો.જે મૃતદેહને એમ્બ્યુલન્સ ધ્વારા પોસ્ટમોર્ટમ માટે હિમતનગર સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો.



## શ્રી મોટા પોશીના મુકામે જૈનોનો કહેનાર મહા પર્યુષણ પ્રસંગની ઉજવણી

પોશીના, તા.૧

આજે મહાવીર સ્વામી ભગવાનનો જન્મ મહોત્સવ ખૂબ જ હર્ષ ઉમંગથી ઉજવાયો જેમાં



સંઘમાં ત્રણ આરાધકાએ અઠાઈતપ કરેલા છે. પર્યુષણ પર્વના લાભાર્થી ચંદુલાલ જેઠાલાલ તથા તારાબેન છગનલાલ મહેતા આરાધકોને પર્યુષણ પર્વની આરાધના કરવા માટે વ્યવસ્થા કરી હતી. આ વિગત મહેન્દ્રભાઈ શાહના જણાવ્યા અનુસાર છે.

## ભાદરવી પૂનમના મેળામાં ફરજ ઉપર ન આવનાર હોમગાર્ડ જવાનો સામે પગલા ભરાશે

યાત્રાધામ અંબાજીમાં આગામી તા. ૭-૯-૨૦૧૯ થી તા.૧૪-૯-૨૦૧૯ સુધી ભાદરવી પૂનમનો મહા મેળો યોજાનાર છે. જેના ભાગરૂપે પાલનપુર હોમગાર્ડના તમામ સભ્યોને આ મહામેળામાં બંદોબસ્ત માટે ફરજ સોપવામાં આવનાર છે. જે હોમગાર્ડ જવાન સમયસર બે દિવસમાં હોમગાર્ડ કચેરીનો સંપર્ક કરી પોતાની ફરજ ક્યા છે તે અંગેની માહીતી મેળવી લેવાની રહેશે અને જો હોમગાર્ડ સભ્ય ફરજ ઉપર નહી આવે તેમજ ફરજમાં બેદરકારી દાખવશે તો તેની સામે શિક્ષાત્મક પગલા ભરવામાં આવશે તેમ પાલનપુર ઓફીસર કમાન્ડીંગ પ્રસાંતભાઇ ગૌસ્વામીએ જણાવ્યુ હતુ.

## શ્રીમાળી બ્રહ્મ સમાજના યુવાનો દ્વારા જનોઈ બદલવાનો કાર્યક્રમ યોજાયો

જેરડા તેમજ આજુબાજુના વિસ્તારમાં રહેતા દરેક શામવેદી બ્રાહ્મણોએ આજે યજ્ઞિપવિત બદલવાનો કાર્યક્રમ ઝેરડા નજીજ આવેલા ગંગેશ્વર મહાદેવ મંદિર ખાતે રાખવામાં આવ્યો હતો. જે નિમિતે બહોળી સંખ્યામાં ભુદેવબંધુ હાજર રહી સમૂહમાં વેદિક મંત્રોચાર સાથે જનોઈ બદલી હતી.



## મહીસાગરના શખ્સને હત્યારાના પત્ની સાથેના આડા સંબંધોને લઈને મોતને ઘાટ ઉતારાયો

જર, જમીન અને જોરૂ ત્રણે કજીયાના છોરૂ કહેવતને અર્થાર્થ કરતી ઘટના સામે આવી છે. મહીસાગર જીલ્લાના ખાનપુર તાલુકાના રૂજડા ગામે રહેતા જયંતિભાઈ વણઝારાને મેઘરજના બેલ્યો ગામે રહેતા ધર્મા શ્રવણ વણઝારાની પત્ની અરૂણાબેન ઉર્ફે સજનીબેન સાથે આડા સંબંધ હોવાની જાણ તેના પતિને થતા સમસમી ઉઠ્યો હતો. ધર્મા




વણજારાએ તેની પત્ની, જમાઈ અને અન્ય શખ્સ સાથે મળી ૧૫ દિવસ અગાઉ ઉઘરાણી જવાને બહાને ઉઠાવી લાવી દારૂ પીવડાવી હત્યા કરી ભિલોડાના જનાલીટાંડા અને કાળી ડુંગરી નજીક લાશને અકસ્માતમાં ખપાવવા ફેંકી દીધી હતી. ભિલોડા પોલીસે હત્યાનો ભેદ ઉકેલી નાખી અગાઉ બે આરોપીની ધરપકડ કર્યા પછી હત્યાના ગુન્હામાં સંડોવાયેલ હત્યારાના પત્ની સહીત ૫ શખ્સોની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

અરવલ્લી જીલ્લા એલસીબી પીઆઈ નાગજી રબારી અને ભિલોડા પીએસઆઈ પરમારે મહીસાગર જીલ્લાના આધેડનો ભેદ ઉકેલી નાખવાની સાથે હત્યામાં મહિલાની પણ સંડોવણી બહાર આવતા ચકચાર મચી છે.

૧૫ ઓગસ્ટ-૨૦૧૯ના રોજ મહીસાગર જીલ્લાના ખાનપુર તાલુકાના રૂજડા ગામે રહેતા જયંતિભાઈ વણઝારાને પૈસાની ઉઘરાણી કરવા જવાનું હોવાનું મેઘરજના બેલ્યો ગામે રહેતા કૌટુંબિક બે ભત્રીજાઓ હરજી ઠાકરુ વણઝારા અને ધર્મા શ્રવણ વણઝારા નામના શખ્સો ઘરેથી બાઈક પર લઈ જઈ જંગલ વિસ્તારમાં પહોંચી જયંતિ વણઝારાને દારૂ પીવડાવી અગમ્ય કારણોસર ગળું, દબાવી મોતને ઘાટ ઉતારી દીધો હતો. જંગલ વિસ્તારમાં હત્યાના સમયે કોઈ આવી ન જાય તેના માટે મૃતક સાથે આડા સંબંધ ધરાવતી અને ધર્મા વણજારાની પત્નીએ પુરેપુરી કાળજી રાખી હતી. તદઉપરાંત મૃતકની લાશને અલ્ટો કારમાં ગાજણ ટોલટેક્સમાં લાવ્યા હોવાની અને લાશને ઠેકાણે પાડવા અન્ય બે યુવકોની મદદ લીધી બહાર આવતા અરવલ્લી જીલ્લા એલસીબી પોલીસે હરજીભાઇ ઠાકરૂભાઇ વણજારા, ધર્માભાઇ શ્રવણભાઇ વણજારા, વિશાલભાઇ કાશીરામ વણજારા રહે.મઉ ટાંડા તા.ભીલોડા, અરૂણાબેન ઉર્ફે સજનીબેન ધર્માભાઇ વણજારા રહે. બેલ્યા તા.મેઘરજ જી.અરવલ્લી, અજીતભાઇ પ્રતાપભાઇ વણજારા રહે. બોરડી ટાંડાની ધરપકડ કરી હત્યાના ગુન્હામાં વપરાયેલ બાઈક અને લાશને ઠેકાણે પાડવા ઉપયોગમાં લીધેલ અલ્ટો કાર અને અન્ય એક બાઈક પણ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## જીઆઈડીસીમાં કપચી ઠાલવતું ડમ્પર વીજતારને અડી જતા વીજ કરંટથી મોત

### મોડાસામાં યુવકનો જન્મદિવસ જ બન્યો અંતિમ દિવસ

મોડાસા, તા. ૧

અરવલ્લી જીલ્લામાં વીજકરંટ લાગવાની ઘટનામાં મૃત્યુદરમાં સતત વધારો થઈ રહ્યો છે. ચાલુ ચોમાસાની ઋતુમાં ૩ થી વધુ લોકોને મોત નિપજતા ભારે ચકચાર મચી હતી.

શનિવારે સૈફુદ્દીન હુનુસભાઈ પટેલ રેતી-કપચીના વ્યવસાય સાથે સાંકળયેલા હોવાથી મોડાસા જીઆઈડીસી વિસ્તારમાં ડમ્પરમાં રેતી




વીજકરંટનો કાળ ભરખી ગયો છે. મોડાસાના યુવકના જન્મદિવસના દિવસ જ અંતિમ દિવસ બની રહેતી ઘટના બનતા ભારે ગમગીની છવાઈ હતી. યુવકની પત્ની અને પરિવાર માટે બનેલી વજ્રઘાત સમાન ઘટનાથી ભારે આક્રંદ છવાયું હતું.

મોડાસા શહેરની ખાનજીપાર્ક સોસાયટીમાં રહેતા અને રેતી-કપચીના વ્યવસાય સાથે સંકળાયેલ યુવકને મોડાસી જીઆઈડીસીમાં ડમ્પરમાંથી રેતી ખાલી કરતા ડમ્પર ઉપરથી પસાર થતા તારને અડકી જતા ડમ્પરમાં વીજકરંટ ઉતરતા યુવકનું વીજકરંટથી ભરી ખાલી કરવા ગયો હતો. ડમ્પરમાંથી રેતી ખાલી કરતા સમયે ઉપરથી પસાર થતી ૬૬ કેવી વીજલાઈનને ડમ્પર અડકી અડકી જતા ડમ્પરમાં વીજપ્રવાહ પસાર થતા ડમ્પર ખાલી કરી રહેલા સૈફુદ્દીનને વીજકરંટ લાગતા ફંગોળાયો હતો અને ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. જીઆઈડીસીમાં બનેલી વીજકરંટની ઘટનાને પગલે મોટી સંખ્યામાં લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પરિવારજનોએ દોડી આવી આક્રંદ કરી મૂક્યું હતું. મોડાસા રૂરલ પોલીસે પણ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## રામનગર ગામમાં નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો

ભિલોડા,તા.૧

ભિલોડા તાલુકાના રામનગર ગામમાં સમતા વિકાસ ટ્રસ્ટ,ઉદય સેવા સંસ્થાન ધ્વારા નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. ૧૫૦ દર્દીઓની આંખની તપાસ કરાઈ હતી. ૧૦ દર્દીઓને મોતીયો હોઈ બારેજા આંખની હોસ્પિટલમાં ઓપરેશન માટે લઈ જવામાં આવશે તેમ જણાવ્યું હતું.ભિલોડા કોટેઝ હોસ્પિટલ ધ્વારા મફત બી.પી.,શુગરની એન.સી.ડી. કાર્યક્રમ હેઠળ તપાસ કરાઈ હતી.આરોગ્ય વિભાગ ધ્વારા ઋતુજન્ય રોગોથી બચવા નિઃશુલ્ક ઉકાળાનું વિતરણ કરાયું હતું.આંખના દર્દીઓને રાહત દરે નંબરના ચશ્મા આપાયા હતા.ભિલોડા ઉદય સેવા સંસ્થાનના જીતેન્દ્રભાઈ સી.ભાટીયા,જે.પી.શર્મા,રોહિતભાઈ પટેલ,રાજુભાઈ સોની,સંકેતભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.